www.kamalamgujarat.com
Monday
07.12.2020
✳Volume :5 ✳ Issue No. 113
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે ડો. બાબા સાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી



કમલમ દૈનિક,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે ડૉ. બાબા સાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે "મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે મહાન ડૉ. બાબા સાહેબ આંબેડકરને યાદ કરું છું. તેમના વિચારો અને આદર્શો લાખો લોકોને શક્તિ આપે છે. તેમણે રાષ્ટ્ર માટે જે સપના જોયા હતા તે પૂરા કરવા માટે આપણે કટિબદ્ધ છીએ."



## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ભારત રત્નબાબાસાહેબ ડો. બી. આર. આંબેડકરને તેમના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી

### બાબાસાહેબના પદચિન્હો પર મોદી સરકાર દાયકાઓથી વિકાસ પ્રક્રિયામાંથી બાકાત રહેલા વંચિત વર્ગના કલ્યાણ માટે કામ કરવા કટિબદ્ધ છે"

### "હું બાબાસાહેબને તેમના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે નમન કરું છું, જેમણે દેશને ભવિષ્યવાદી અને સર્વગ્રાહી બંધારણ આપ્યું હતું, જેનાથી દેશમાં વિકાસ, સમૃદ્ધિ અને સમાનતાનો માર્ગ મોકળો થયો"

કમલમ દૈનિક,
કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ભારત રત્ન બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકરને તેમના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એક ટ્વીટમાં શ્રી અમિત શાહે કહ્યું હતું કે "હું બાબાસાહેબને તેમના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે નમન કરું છું, જેમણે દેશને ભવિષ્યવાદી અને સર્વગ્રાહી બંધારણ આપ્યું હતું, જેનાથી દેશમાં વિકાસ, સમૃદ્ધિ અને સમાનતાનો માર્ગ મોકળો થયો. બાબાસાહેબના પદચિન્હો પર મોદી સરકાર દાયકાઓથી વિકાસ પ્રક્રિયામાંથી બાકાત રહેલા વંચિત વર્ગના કલ્યાણ માટે કામ કરવા કટિબદ્ધ છે"

## રાજ્યમાં હવે ટ્રાફિક દંડ વાહન માલિક પાસેથી નહીં પરંતુ ચાલક પાસેથી વસુલાશે



કમલમ દૈનિક, ગાંધીનગર
રાજ્ય સરકારે મોટર વાહન અધિનિયમ હેઠળ નક્કી કરેલા ટ્રાફિક ગુનામાં વસૂલાતના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે ટ્રાફિક ગુના માટે માત્ર જવાબદાર હોય તે વ્યક્તિ પાસેથી જ દંડ વસૂલ કરવાનો નિર્ણય કર્યો છે. આ પહેલા ટ્રાફિક ગુનાઓમાં દંડની વસૂલાત વખતે ડ્રાયવર, કંડક્ટર, વાહન માલિક કે પેસેન્જર પાસેથી ડબલ દંડ વસૂલાતો હતો હવે જવાબદાર વ્યક્તિ પાસેથી દંડ વસૂલાશે. માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને આરટીઓ સંબંધિત કામગીરીઓમાં સરળતા લાવવા ભારત સરકારના મોટર વ્હીકલ્સ એક્ટ પ્રમાણે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮માં સુધારા કરવામાં આવ્યા છે. જેમાં સુધારા કરવા માટે ગુજરાત સરકારે પણ અનેક પગલા લીધા છે. જેમા લોકોને બિન જરૂરી પરેશાની ન થાય તેને ધ્યાને લેવામાં આવ્યું છે. નવા કાયદાના અમલીકરણના અનુસંધાને ટ્રાફિક ગુનાઓમાં સ્થળ, દંડ ફીના સરળ દરો અમલી બનાવ્યા છે. ટ્રાફિક ગુનાઓમાં ખરેખર જવાબદાર ડ્રાઈવર, માલિક તે વાહન સંબંધિત જવાબદારીઓ કાયદાકીય જોગવાઈઓ પ્રમાણે ગૂંચવાડા ન થાય તે હેતુથી ટ્રાફિક ગુનાઓ માટે ખરેખર જવાબદાર વ્યક્તિ પાસેથી દંડ વસૂલવામાં આવશે. એટલે કે વાહન ચલાવતા વ્યક્તિ પાસેથી જ દંડ વસૂલવામાં આવશે. આ નિયમની અમલવારી પ્રમાણે, અમુસ જોગવાઈઓ સિવાય મોટાભાગના ગુનાઓ માટે વાહનમાલિક, ડ્રાઈવર, કંડક્ટર કે પેસેન્જર પાસેથી ડબલ દંડના બદલે ગુના માટે જવાબદાર વ્યક્તિ પાસેથી દંડ વસુલવામાં આવશે. આ નિર્ણયથી જાહેર જનતાની ટ્રાફિક અંગેની સભાનતા વધશે અને દંડની વસુલાતમાં પારદર્શિતા આવશે.

### મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ધાનેરા મુકામે રૂ.૨૪૧.૩૪ કરોડના પીવાના પાણીના કામોનું ખાતમુહૂર્ત કરાયું

# પ્રજાની સુવિધા, સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમ રીતે કટિબદ્ધ છે : મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી








### ગુજરાતના જળભંડાર સમૃદ્ધ બનાવવા રાજ્ય સરકારે

કમલમ દૈનિક,
મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા મુકામે નર્મદા આધારિત કુલ-૪ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાના રૂ.૨૪૧.૩૪ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોના લીધે ધાનેરા, દાંતીવાડા અને ડીસા તાલુકાના ૧૧૯ ગામો અને ધાનેરા શહેરની ૩,૯૧,૦૦૦ વસ્તીને પીવાના શુદ્ધ પાણીનો લાભ મળશે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રાસંગીક

### સુધારણા યોજનાના રૂ. ૭૧ કરોડના કામો કરાશે

ખાતમુહૂર્ત અને લોકાર્પણ અમે જ કરીએ છીએ. તેમણે કહ્યું કે સરકારશ્રીના દરેક અભિગમ અને અભિયાનમાં પ્રચંડ જનસમર્થન મળે છે પરિણામે તમામ ક્ષેત્રોમાં વણથંભી વિકાસયાત્રા સફળતાપૂર્વક આગળ વધી રહી છે.

### વિરાટ અભિયાન હાથ ધર્યું છે

મુખ્યમંત્રીશ્રીએ બનાસકાંઠા જિલ્લા માટે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે, રૂ. ૫૦૦ કરોડના ખર્ચે ડીસા અને લાખણી તાલુકાના ૧૫૬

### પ્રજાની સુવિધા, સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમ રીતે કટિબદ્ધ છે



### ૫૦૦ કરોડના ખર્ચે ડીસા અને લાખણી તાલુકાના ૧૫૬ ગામોને નર્મદાનું પાણી અપાશે

પ્રવચન કરતા જણાવ્યું કે પ્રજાની સુવિધા, સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમ રીતે કટિબદ્ધ છે. કોરોના સંક્રમણ કાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રા અટકી નથી એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે પ્રજાકલ્યાણ માટે મજબૂત ઈચ્છાશક્તિ અને સુદ્રઢ આયોજનના લીધે વિકાસ કામોના

ગામોને નર્મદાનું પાણી અપાશે. તેમણે કહ્યું કે, દાંતા અને પાલનપુરના ૧૫૨ ગામો માટે ધરોઈ ડેમ આધારીત સુધારણા યોજનાના રૂ. ૭૧ કરોડના કામો કરાશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ગુજરાતને વૈશ્વિક કક્ષાએ મોડેલ સ્ટેટ બનાવવું

### કોરોના સંક્રમણ કાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રા અટકી નથી

### દાંતા અને પાલનપુરના ૧૫૨ ગામોને ધરોઈ ડેમ આધારીત

### મજબૂત ઈચ્છાશક્તિ અને સુદ્રઢ આયોજનના લીધે વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ અમે જ કરીએ છીએ



### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ગુજરાતને વૈશ્વિક કક્ષાએ મોડેલ સ્ટેટ બનાવાયું છે

છે. ગુજરાતના જળ ભંડારને સમૃધ્ધ બનાવવા દર વરસે સુજલામ સુફલામ યોજના દ્વારા વિરાટ પ્રયાસો કરવામાં આવે છે પરિણામે આવનારા દિવસોમાં ગુજરાત પાણીદાર બનશે. છેલ્લાં ચાર-પાંચ માસમાં ગુજરાતમાં રૂ.૧૭,૦૦૦ કરોડથી વધુ રકમના વિકાસકામોનુ લોકાર્પણ અને ખાતમુર્હત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાના લોકોએ ભૂતકાળમાં પાણી માટે અપાર મુશ્કેલીઓ વેઠી છે પરંતુ હવે રાજ્ય સરકારના પ્રજા કલ્યાણ માટેના વિરાટ અભિયાનની લીધે બનાસકાંઠામાં પીવાના પાણીની શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં છેવાડાના વિસ્તારો સુધી ઘેર ઘેર નલ થી જળ અભિયાન દ્વારા પાણી આપવામાં

આવશે. તેમણે કહ્યું કે, ઊર્જા ક્ષેત્રની જેમ ગુજરાત પાણીના ક્ષેત્રમાં વોટર સરપ્લસ સ્ટેટ બન્યું છે. સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી બનાસકાંઠા જિલ્લામાં નર્મદાના નીરની પધરામણી થઈ હતી પરિણામે લોકોની આવક, સુખાકારી અને સમૃદ્ધિમાં વધારો થયો છે. તેમણે કહ્યું કે આ સરકારે પીવાના પાણી સહિત જરૂરી તમામ વિકાસકામો મોટા પ્રમાણમાં કર્યા છે. પ્રારંભમાં સ્વાગત પ્રવચન પાણી પુરવઠા વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરીશ્રી ધનંજય દ્વિવેદીએ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી શશીકાંતભાઈ પંડ્યા, શ્રી કિર્તીસિહ વાઘેલા અને શ્રી નાથાભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ગુમાનસિંહ વાઘેલા, પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ, પૂર્વ



### ગુજરાતમાં છેલ્લા ચાર-પાંચ માસમાં રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે

ધારાસભ્યશ્રી મફતલાલ પુરોહિત, કલેક્ટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, પ્રાંત અધિકારીશ્રી યોગેશ ઠક્કર, પાણી પુરવઠા બોર્ડના અધિક્ષક ઈજનેરશ્રી

ઉપર તથા બેઠક વ્યવસ્થામાં બ્લોક બનાવી લોકો માટે થોડા થોડા અંતરે ખુરશીઓ મુકવામાં આવી હતી પરિણામે સોશ્યલ ડિસ્ટનસ ખૂબ સારી રીતે જળવાયુ હતું. ઉપરાંત માસ્ક અને સેનેટાઈઝર પૂરતા



### અન્ય જિલ્લાની જેમ બનાસકાંઠા જિલ્લામાં પણ છેવાડાના વિસ્તારો સુધી ઘેર ઘેર નળ દ્વારા પાણી આપવામાં આવશે

આર.એમ.મહેરીયા, કાર્યપાલક ઈજનેર શ્રી ડી. એમ. બુંબડીયા અને શ્રી મામતોરા સહિત અધિકારીઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જળવાયેલ સોશ્યલ ડિસ્ટન્સની મુખ્યમંત્રીશ્રીએ સરાહના કરી. કાર્યક્રમમાં સ્ટેજ

પ્રમાણમાં ઉપલબ્ધ બનાવાયા હતા. જેની નોંધ લઈ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પણ પોતાના પ્રવચનમાં આ સુંદર આયોજનની સરાહના કરી અભિનંદન પાઠવી જિલ્લા વહીવટીતંત્ર અને લોકોને બિરદાવ્યા હતા.

# ગુજરાત હાઈકોર્ટના જજ ઉધવાનીના અવસાનને પગલે આજે હાઈકોર્ટ સહિત તમામ કોર્ટ બંધ રહેશે

### હાઈકોર્ટ ચીફ જસ્ટિસ વિક્રમનાથ પણ ૭મી ડિસેમ્બરથી ૧૧મી ડિસેમ્બર સુધી ઉપલબ્ધ નથી





કમલમ દૈનિક, અમદાવાદ,
ગુજરાત હાઈકોર્ટના સીટીંગ જજ જસ્ટિસ જી.આર. ઉધવાનીના અવસાનના શોકમાં રાજયની તમામ કોર્ટ અને તેમની કચેરીઓ સોમવારે બંધ રહેશે. ગુજરાત હાઈકોર્ટની રજીસ્ટ્રી દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાત હાઈકોર્ટના જજના અવસાન બદલ તમામ કોર્ટ બંધ રહેશે. હાઈકોર્ટ ચીફ જસ્ટિસ વિક્રમનાથ પણ ૭મી ડિસેમ્બરથી ૧૧મી ડિસેમ્બર સુધી ઉપલબ્ધ નથી. આ સિવાય જસ્ટિસ જી.આર. ઉધવાનીના ૭ અને ૮ ડિસેમ્બરના રોસ્ટરમાં લાગેલા કેસ જસ્ટિસ વી.એમ. પંચોલી સાંભળશે. મૂળ અમદાવાદના વતની જસ્ટિસ જી.આર. ઉધવાનીએ ૧૯૮૬માં એલ.એ લો કોલેજમાંથી એલએલબી કર્યું હતુ. ૧૯૮૭માં તેમણે વકીલાત તરીકેની પ્રેક્ટીસ શરૂ કરી હતી. વર્ષ ૧૯૯૭માં અમદાવાદ સીટી સિવિલ અને સેશન્સ કોર્ટના જજ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. જસ્ટિસ જી.આર. ઉધવાનીની વર્ષ ૨૦૦૪માં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. ૨૦૧૧ થી ૨૦૧૨ વચ્ચે તેઓ ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ પણ રહી ચૂક્યા છે. ૫ ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જી.આર. ઉધવાનીનું કોરોનાથી નિધન થયું હતું. તેમની એક સપ્તાથી સારવાર ચાલતી હતી. શુક્રવારથી તેઓ વેન્ટિલેટર પર હતા. ૫૯ વર્ષીય જસ્ટિસ ઉધવાની સહિત ૩ જજનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત હાઈકોર્ટના ત્રણ જજ કોરોના સંક્રમિત થયા હતા, જેમાં જસ્ટિસ એસી રાવ, જસ્ટિસ જી.આર. ઉધવાણી અને જસ્ટિસ આર.એમ. સરીન કોરોના સંક્રમિત થયા હતા. આ પહેલાં હાઈકોર્ટના રજિસ્ટ્રી વિભાગના અનેક કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા હતા.

## તંત્રી સ્થાનેથી......

નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આદ્રા અગ્રવાલે એક હુકમ અનુસાર નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ મહત્વના સ્થળો, દુકાનો સહિત તમામ પેટોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીગ સીસ્ટમ મુકવામાં હુકમ કર્યો છે. જે તાત્કાલિક અસરથી તા.૦૧/૦૨/૨૦૨૧ સુધી અમલમાં રહેશે. સીસીટીવી કેમેરાના કારણે ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફીકેશન થઈ શકે ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમા બેઠેલ વ્યકિતનું રેકોર્ડીગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા. નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમા આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોર્ડીગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવાના રહેશે. જિલ્લામાં આવેલા તમામ ટોલ પ્લાઝા ઉપર આવતાં જતા દરેક વાહનોના નંબર આઈડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા. તમામ એ.ટી.એમ.સેન્ટરો સી.સી.ટી.વી. કેમેરા અને ખાનગી સિકયુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યકિતઓનું આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોર્ડીગ રહે તેવી વ્યવસ્થા રાખવી. ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ,બોમ્બ બ્લાસ્ટ કરવાના પ્રયત્નો તથા સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તેમજ લોકોની અવર-જવરવાળા વિસ્તારથી માહીતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિને અંજામ આપતા હોય છે. બેદ્ધકો, નાણાંકીય સંસ્થાઓ,સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ /શોપીંગમોલ ,શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોર્ડીગો, ધર્મશાળાઓ, અતિથીગૃહો, વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા મુકવા જણાવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત દંડ સહિત સજાને પાત્ર થશે.

# સિવિલ હોસ્પિટલ વેરાવળ ખાતે કોરોના કાળમાં દર્દીઓને ૨૦૧૦ વખત ડાયાલીસીસ કરાયુ





કમલમ દૈનિક, ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના મુખ્યમથક વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસ વિભાગમાં કોરોના કાળ દરમ્યાન માર્ચ-૨૦૨૦ થી લઈ અત્યાર સુધીમાં ડાયાલીસીસના દર્દીઓને ૨૦૧૦ વખત ડાયાલીસીસ કરવામાં આવ્યું હતું. જેમાં પુરુષ-૧૪૬૮ અને સ્ત્રી-૫૪૨નો સમાવેશ થાય છે. ડાયાલીસીસ વિભાગમાં ૫ બેડની વ્યવસ્થા હોવાની સાથે રવિવાર સિવાય સવારના ૮ થી ૧૨ અને બપોરે ૧૨ થી ૪ કલાક દરમ્યાન બે પાળીમાં દર્દીઓને ડાયાલીસીસ કરવામાં આવી રહ્યું છે. ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના દરરોજ ૮ થી ૯ દર્દીઓને ડાયાલીસીસ કરાવવા માટે આવે છે. દર્દીની સ્થિતિ પ્રમાણે અઠવાડિયામાં એક વખત, બે વખત અથવા ૩ વખત ડાયાલીસીસની જરૂરીયાત હોય છે. તે પ્રમાણે ડાયાલીસીસની સવલત પુરી પાડવામાં આવે છે. જે ડાયાલીસીસના દર્દીઓ માટે આર્શીવાદરૂપ છે. નર્સિંગ સ્ટાફના મનીષા પાનેરા, ટેકનિકલ ચેતન ધરસડિયા, નિશાંત સોંદરવા સહિત ૫ લોકોની ટીમ દ્વારા ડાયાલીસીસની કામગીરી કરવામાં આવી રહી છે.

# રાજય સરકારની નકલી સેનિટાઇઝર અને હેન્ડ વોશના ઉત્પાદકો સામે લાલ આંખ

## સુરતમાં બનાવટી લાયસન્સ અને ખોટા સર્ટીફીકેટ ધરાવનાર હેન્ડ સેનિટાઈઝર અને હેન્ડ વોશના ઉત્પાદકો સામે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની કડક કાર્યવાહી

કમલમ દૈનિક,

આજે વિશ્વ કોરોના મહામારી સામે લડી રહ્યુ છે. નાગરિકો સાવચેતી સાથે સ્વાસ્થ્ય સુરક્ષા હેતુ હેન્ડ સેનિટાઇઝર અને હેન્ડ વોશનો વપરાશ કરી રહ્યા છે. નાગરિકોને ગુણવત્તાયુક્ત હેન્ડ સેનિટાઈઝર તથા હેન્ડ વોશ મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરશ્રી ડૉ.એચ.જી.કોશિયાએ જણાવ્યુ છે કે, રાજ્ય સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સુરતમાં બનાવટી લાયસન્સ અને ખોટા સર્ટીફીકેટ ધરાવનાર હેન્ડ સેનિટાઈઝર અને હેન્ડ વોશના ઉત્પાદકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. મે. જે. પી. પેઈન્ટવસ એન્ડ કેમીકલ, પ્લોટ નં. ૭, ૮, ગ્રાઉન્ડક ફલોર, સ્વાગત ઈન્ડ સ્ટ્રીયલ એસ્ટેટ, તા. ઓલપાડ, જી. સુરત ખાતે સુરતના ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ રેડ કરીને અલગ-અલગ બેચના જુદા જુદા પેકીંગ વાળા "ફર્સ્ટ કલાસ હેન્ડ વોશ, ફર્સ્ટ કલાસ હેન્ડ સેનીટાઇઝર, જે.પી. ફર્સ્ટ કલાસ હેન્ડ રબ, આરુશ હેન્ડ સેનીટાઇઝર" બ્રાન્ડનેમ વાળા હેન્ડ સેનિટાઈઝર તથા હેન્ડે વોશ વગેરે નકલી બનાવટો પકડી છે, જેના નિયમિત નમૂના લઈ બાકીની બનાવટો, કાચા દ્રવ્યો, પેકીંગ મટીરીયલ તેમજ મશીનરીનો

### ૧૩ લાખની કિંમતના સેનીટાઇઝર જપ્ત કરાયા

જથ્થો વધુ કાર્યવાહી માટે જપ્ત કરવામા આવ્યો છે. કમિશનરશ્રી ડૉ.એચ.જી.કોશિયાએ વધુમાં જણાવ્યુ છે કે, રેડ દરમિયાન માલીક શ્રી યોગેશભાઇ ફુલવાણીએ કબૂલ કરેલ છે કે તેઓ આ ગેરકાયદેસર ઉત્પાદન વગર પરવાને શરૂ કરી કોઈપણ જાતના ટેસ્ટીંગ કર્યા વગર ટુંકા ગાળામાં વધુ પૈસા મેળવી લેવાની લાલચથી હેન્ડ સેનીટાઈઝર તથા હેન્ડ વોશનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન કરી વેચાણ કર્યુ છે અને તેમના ગોડાઉનમાંથી ૧૦,૦૦૦ લીટર સેનીટાઈઝર બનાવવા માટેનું પ્રવાહી, 525 X 5 Ltr., 159 X 500 ml., 39 X 250 ml., 78 X 100 ml. (કુલ ૨૭૨૨ લીટર) તૈયાર પ્રોડકટ, પેકીંગ મટીરીયલ, કાચા દ્રવ્યો, મશીનરી, ૧૨૦કિ.ગ્રા. અલગ અલગ ફલેવર વગેરે મળી કુલ ૧૩ લાખ રૂપિયાનો ૩ ટ્રક જેટલો મુદ્દામાલ કબ્જે કરવામા આવ્યો છે. તેમજ તેઓએ જાતે બનાવેલ બનાવટી લાયસન્સ અને ખોટા સર્ટીફીકેટ (WHO-

### "ફર્સ્ટ ક્લાસ હેન્ડ વોશ, ફર્સ્ટ ક્લાસ હેન્ડ સેનીટાઈઝર, જે.પી. ફર્સ્ટ ક્લાસ હેન્ડ રબ, આરુશ હેન્ડ સેનીટાઈઝર" બ્રાન્ડનેમ વાળા હેન્ડ સેનિટાઈઝર તથા હેન્ડ વોશનો જથ્થો જપ્ત કરાયો

GMP Certifications સ્કીમ મુજબ) પકડ્યા છે. તેઓ દ્વારા કેટલા સમયથી આ બનાવટોનું ઉત્પાદન થાય છે? તથા અત્યાર સુધી કોને કોને વેચાણ કરવામાં આવ્યું છે? તે ઉપરાંત ઉપયોગ કરેલ આલ્કોલ ક્યાંથી મેળવ્યુ છે? ક્યાં ક્યાં વેચાણ કર્યુ છે? તેની સઘન તપાસ સુરતના ડ્રગ્સ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. શ્રી યોગેશ ફુલવાણીએ વગર પરવાને, ગુણવત્તાના કોઈપણ માપદંડની ચકાસણી કર્યા વગર હેન્ડે સેનીટાઈઝરનું ઉત્પાદન કરી, ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારાની કલમ ૧૮(સી)નો ભંગ કર્યો છે તથા આવા વગર પરવાને ઉત્પાદીત હેન્ડ સેનીટાઈઝરની ગુણવત્તા અને અસરકારકતા સામે પણ મોટો પ્રશ્ન ઉદ્દભવે છે. હેન્ડ સેનીટાઈઝરની ગુણવત્તા ચકાસવા માટે ૧૪ જેટલા નમુના લઈ ખોરાક અને ઔષધ પ્રયોગશાળા, વડોદરા ખાતે પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે. સમાજમાં આવા ગુનાહિત્ત કૃત્યો આચરનાર અને ગેરમાર્ગે દોરનાર વ્યક્તિઓ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ કડક કાર્યવાહી શરુ કરતા આવા અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાઈ રહ્યો છે અને આવા તત્વોને જેર કરવા તંત્ર ભૂતકાળમાં પણ સફળ રહ્યું છે અને ભવિષ્યમાં ગમે તેવા ચમરબંધીને પણ બક્ષશે નહીં તેમ ડૉ. એચ.જી.કોશિયાએ વધુમાં જણાવ્યુ છે.

# પુરપાટે જતી મોટરસાયકલ સ્લીપ થતા મોટરસાયકલ ચાલક નું ઘટના સ્થળે મોત અને એક વ્યક્તિ ઈજાગ્રસ્ત



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારી અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જી રહ્યા છે ભિલોડા-મુડેટી રોડ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલ હાઈસ્પીડ બાઈક સ્લીપ થઈ રોડ નજીક ગરનાળા સાથે ભટકાતા બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું હતું બાઈક સવાર અન્ય યુવકના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો અકસ્માતની ઘટનામાં વાંકનેર છાપરાના આશાસ્પદ યુવકનું મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું ભિલોડા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ભિલોડાના વાંકાનેર છાપરા ગામનો ૨૧ વર્ષીય યુવક હિરેન ચંદુભાઈ બરંડા તેની પલ્સર-૨૨૦ બાઈક લઈ તેના મિત્ર રોનિશ ચેતનભાઈ ગામેતી સાથે કામકાજ અર્થે નીકળ્યો હતો હિરેને પલ્સર બાઈક મુડેટી રોડ પર આવેલી આશાપુરા હોટલની આગળ વળાંકમાં પુરઝડપે,બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારવાને કારણે મોટર સાયકલ સ્લીપ થઈ જતા રોડ નજીક ગરનાળા સાથે ભટકાવતા હિરેન અને રોનિશ પટકાતા બાઈક ચાલક હિરેનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું રોનિશના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલ લોકોએ રોનિશને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો ભિલોડા પોલીસને અકસ્માતની ઘટનાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની યુવકની લાશને પીએમ માટે ખસેડી હતી યુવકના મોતના પગલે પરિવારજનો અને સગા-સંબન્ધી અને મિત્ર વર્તુળ મોટી સંખ્યામાં પીએમ સ્થળે ઉમટ્યા હતા ભિલોડા પોલીસે મૃતક બાઈક ચાલક યુવક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# પહાડપુરનો વ્રજ પટેલ હવે ઓસ્ટ્રેલિયાના યુદ્ધ વિમાન ઉડાડશે,ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક,માદરે વતનમાં જશ્ન જેવો માહોલ





કમલમ દૈનિક, અરવલ્લી

ગુજરાતના અનેક પરિવારો અને યુવક-યુવતીઓ વિદેશમાં સ્થાઈ થઈ રમત-ગમત ક્ષેત્ર હોય કે પછી અભ્યાસ દરેક ક્ષેત્ર અગ્રેસર રહી વિશ્વમાં નામ રોશન કરી રહ્યા છે ત્યારે વધુ એક ગુજ્જુ યુવકે ઓસ્ટ્રેલિયા એરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક થતા માદરે વતન જશ્ન જેવો માહોલ સર્જાયો છે ગુજરાતને ગૌરવ થાય તેવા એક સમાચાર મળી રહ્યા છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટચુકડા પહાડપુર ગામનો વ્રજ પટેલ નામના યુવકની ઓસ્ટ્રેલિયન એસરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક કરવામાં આવી છે ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં સૌપ્રથમ વાર પસંદગી થતા સમગ્ર જિલ્લા સહીત રાજ્ય માટે ગૌરવની વાત છે. મોડાસા તાલુકાના પહાડપુર ગામના અને સર્વોદય સ્કૂલમાં બાયોલોજી લેબ આસિસ્ટન્સ નટુભાઈ પટેલનો પુત્ર વિમલભાઈ વર્ષોથી ઓસ્ટ્રેલિયા સ્થાઈ થયા થયા છે અને હાલ ઓસ્ટ્રેલિયામાં એડિલેડમાં માર્ડન સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે ઓસ્ટ્રેલિયા થી વતન પહાડપુર આવતા જતા રહેતા હોવાથી તેમના પુત્ર વ્રજ પટેલને પહેલાથી પાયલોટ બનાવની રુચિ હોવાથી ઉચ્ચ અભ્યાસ કરી ઓસ્ટ્રેલિયામાં પાયલોટ તરીકે નિમણુંક પામ્યા પછી તેની મહેનત રંગ લાવી હોય તેમ ઓસ્ટ્રેલિયાની ગ્રાઉન્ડ એકેડેમી ઓફિસર્સ ટ્રેનિંગ સ્કૂલમાં પસંદગી પામ્યા પછી સખત પરિશ્રમ પછી આખરે રોયલ ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં પાયલોટ ઓફિસર તરીકે નિમણુંક થતા વ્રજ પટેલ ઓસ્ટ્રેલિયામાં યુદ્ધ વિમાનો ઉડાડશેની જાણ વતનમાં થતા વ્રજ પટેલના પરિવારજનો અને સમગ્ર ગામમાં જશ્ન જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે

વ્રજ પટેલ અને તેના પરિવારને લોકો સોશ્યલ મીડિયા અને ટેલિફોનિક શુભેચ્છા પાઠવી રહ્યા છે અરવલ્લી જીલ્લાના પનોતા પુત્ર વ્રજ પટેલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સમાં નિમણુક થતા તેને પોતાનું નહીં પણ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે વ્રજ પટેલ સાથે પારિવારિક સંબન્ધ ધરાવતા અને મોડાસા સર્વોદય સ્કૂલમાં કેમેસ્ટ્રી ટીચર ઉત્તમ પટેલના જણાવ્યા અનુસાર વ્રજ પટેલ સૌમ્ય સ્વભાવ ધરાવતો યુવાન હોવાની સાથે ખુબ જ મહેનતુ યુવક છે અને આગામી સમયમાં હજુ પણ વધુ સિદ્ધિઓ મેળવી દેશ અને પાટીદાર સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા પાઠવી હતી

# અરવલ્લીના બાયડમાં ગુજરાત રાજય ફેર પ્રાઈઝ શોપ્સના સુપ્રીમો પ્રહેલાદ મોદીએ સ્નેહ સંમેલન માં આપી હાજરી.






કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લાના બાયડ શહેરમાં શનિવાર ના સવારે ગુજરાત રાજ્ય ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસિએશન ના પ્રમુખ પ્રહલાદભાઈ મોદી ની ઉપસ્થિતિ માં અરવલ્લી જીલ્લા હ્રૈંજી સંગઠન આયોજીત સ્નેહ - મિલન નો કાર્યક્રમ બાયડ ખાતે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં,, આ કાર્યક્રમમાં નવનિયુક્ત પ્રમુખ રમેશભાઈ ગોસ્વામી નું અભિવાદન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના શેર પ્રાઈઝ ના દુકાનદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા નોંધનીય છે કે આ અગાઉ વાડી ભાઈ પટેલ અરવલ્લી જિલ્લાના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળતા હતા

# મોડાસા ખાતે રિફાહ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી- અરવલ્લી બ્રાન્ચની સ્થાપના કરવામાં આવી





કમલમ દૈનિક, અરવલ્લી

રાષ્ટ્રીય સ્તરે સક્રિય રિફાહ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ આજે એક વિશેષ સમારોહમાં અરવલ્લી જિલ્લાના પ્રતિષ્ઠિત વેપારીઓ અને ઉદ્યોગપતિઓને આમંત્રિત કર્યા હતા, જેમાં પ્રોગ્રામના અંતે ચેમ્બરે અરવલ્લી જિલ્લાની પોતાની શાખાની સ્થાપના કરી હતી. વેપાર અને વાણિજ્યને પ્રોત્સાહિત કરવાના હેતુથી સ્થાપિત કરવામાં આવેલ ચેમ્બરે આજે જિલ્લા કક્ષાની કમિટીના સભ્યોની નિમણૂક કરી હતી. આ કમિટીમાં ૧) સલીમભાઈ દાદુ ૨) નઈમ મેઘરેજી ૩) સલીમભાઇ સુથાર ૪) મેહમુદ શેઠ ૫) અયાઝ આખુનજી ૬) રઈસ સુથાર ૭) અ.રજ્જાક મેમણ ૮) અદનાન દુધમલ ૯) બાબુ ખાલક ૧૦) ઈબ્રાહીમભાઈ પટીવાલા ૧૧) અમ્માર શેઠ ૧૨) મોસુફ ઝાઝ ૧૩) ઝૈદ મલેક ની સર્વસંમતિથી નિમણૂક કરવામાં આવી હતી. ચેમ્બરના ગુજરાત ચેપ્ટર વતી સોહેલ સાચોરા, વાસિફ હુસૈન, સૈયુમ ખાન અને ઉમર વ્હોરા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.





# શિક્ષિત સરપંચે નગીચાણા ગામની કરી કાયાપલટ – ગામમાં ૧૦૦ ટકા ઘરોમાં શૌચાલય

કમલમ દૈનિક, જૂનાગઢ

માંગરોળ તાલુકાના નગીચાણા ગામમાં પ્રવેશો ત્યાં જ આંખને ઠારે તેવા દશ્યો નજરે પડે છે. સુંદર પ્રવેશદ્વાર, ડોમ અને બન્ને બાજુ લીલાછમ વૃક્ષો પ્રવેશદ્વારથી જ તમારૂ સ્વાગત કરે છે. ગામનું બસ સ્ટેન્ડ પણ આદર્શ પ્રાથમિક શાળાનું અદ્યતન બીલ્ડીંગ.ફર્નીચર કોમ્પ્યુટર સહિતની સુવિધાથી સજ્જ ગ્રામ પંચાયત કચેરી. ગામની સ્વચ્છતા તો ઉડીને આંખે વળગે એવી છે. ૩૨૫૭ લોકોની વસ્તી ધરાવતા નગીચાણામાં ૬૦૦ ઉપરાંત કુટુંબો છે. આ તમામના ઘરમાં શૌચાલય છે. આહિર, મુસ્લીમ, દલિત, રબારી અને અન્ય સમાજની વસ્તી ધરાવતા આ ગામના તમામ રસ્તા રૂા.૪૫ લાખ ઉપરાંતના ખર્ચે પેવર બ્લોકથી મઢી દેવામાં આવ્યા છે. પીવાના પાણીની મુશ્કેલી નિવારવા નલ સે જલ યોજના તળે ઘરે-ઘરે નળ દ્રવારા નિયમીત રીતે પાણીનું વિતરણ થાય છે. ગ્રામજનો અને પંચાયતની સજ્જતા એવી છે કે, સી.સી.ટી.વી. કેમેરાથી ગામને સજ્જ કરાયું છે. પીવાનું પાણી, રસ્તા ઉપરાંત પ્રાથમિક શિક્ષણ ગામડાની પાયાની જરૂરીયાત છે. જેમાં નગીચાણાની પે સેન્ટર પ્રા.શાળા આદર્શ શાળા છે. ૯ કલાસરૂમ ધરાવતું રૂા.૭૫ લાખના ખર્ચે વિશાળ ગ્રાઉન્ડ સાથેનું બિલ્ડીંગ શહેરની ખાનગી શાળાને ટક્કર મારે છે. ૪ વિઘા જમીનમાં પથરાયેલ શાળામાં ગામના સરપંચ મસરીભાઇ પીઠીયા, આચાર્ય દિલીપભાઇ નંદાણીયા, શિક્ષકો દ્વારા નારીયેલીનું વાવેતર કરી શાળાને નિયમિત રૂપે વાર્ષિક રૂા.૬૦ હજારની આવક મળે તેવું આયોજન કરાયું છે. ધો.૧૨સુધી ઉચ્ચત્તર માધ્યમીક શાળાની સુવિધા ધરાવતા નગીચાણામાં પ્રવેશતા જ ગ્રામ પંચાયત બિલ્ડીંગ નજરે પડે છે. ગ્રામ પંચાયત બિલ્ડીંગ, ફર્નીચર, કોમ્પ્યુટર, માઇક સિસ્ટમની સુવિધા જોતા જ તમને ખ્યાલ આવશે. આ ગામના સરપંચ શિક્ષિત હશે, પ્રગતિશીલ વિચાર ધરાવતા હશે. ૨૦૧૮-૧૯ માં મસરીભાઇ પીઠીયા નગીચાણા ના સરપંચ બન્યા. તેમનો નિર્ધાર હતો મારૂ ગામ આદર્શ ગામ બને. એક-એક ગ્રામજનોને રસ્તા, પાણી, આરોગ્ય અને શિક્ષણની સુવિધા મળે ઉપરાંત ગામ સ્વચ્છ રહે, ગંદકી નાબુદ થાય, ૧૦૦ ટકા બાળકો શિક્ષણ મેળવે, ૧૦૦ ટકા ઘરોમાં શૌચાલય બને તેમનો આ નીર્ધાર ગ્રામજનો અને પંચાયતના સભ્યોના સહકારથી સાકાર થયો છે. તેમની આ કામગીરીમાં યુવાન તલાટી રમેશ વાઢેરનો સહયોગ મળ્યો છે. માથુ રહે ગામમાં ને ધડ લડે મેસવાણમાં ધન્ય એ સુર સપુત વીર હિમારાબાપા નેશુરવિરહીમારા બાપા ના ગામ નગીચાણામાં આરોગ્યની સુવિધા માટે પેટા આરોગ્ય કેન્દ્ર, દુધની ડેરી, જિલ્લા સંઘનું દુધ કલેકશન માટે બી.એમ.સી સેન્ટર, એલઇડી સ્ટ્રીટલાઇટ, શાકમાર્કેટ, સહકારી મંડળી, જયોતિગ્રામ, ગૌશાળા સહિત ગ્રામ્ય વિસ્તારની તમામ જરૂરીયાત નગીચાણામાં સંતોષાય છે. આથી જ વર્ષ ૨૦૧૯માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં નગીચાણા ગામને આદર્શ ગામનો એવોર્ડ મળ્યો હતો. વિજ્ઞાનભવન દિલ્હી ખાતે સરપંચે એવોર્ડ સ્વીકારી ગામને વધુ પ્રગતિશીલ બનાવવા સંકલ્પબધ્ધ થયા છે.

# “મહીસાગર નો શબ્દ” પુસ્તિકાનો ઇ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## મહીસાગર સાહિત્ય સભા દ્વારા સંપાદિત ૧૨૫થી વધુ સાહિત્ય સર્જકોની રચનાઓનો સંપુટ

કમલમ દૈનિક, લુણાવાડા

"મહીસાગર સાહિત્ય સભા" દ્વારા સંપાદિત બૃહદ પંચમહાલ એટલે કે હાલના ત્રણ જિલ્લા પંચમહાલ, દાહોદ અને મહીસાગરના ૧૨૫થી વધુ સાહિત્ય સર્જકોની રચનાઓનો સંપુટ “ મહીસાગરનો શબ્દ પુસ્તિ કાનો લોકાર્પણ કાર્યક્રમ વર્તમાન કોવિડ -૧૯ની પરિસ્થિતિને અનુલક્ષી વર્ચ્યુયલી ઓનલાઈન જોડાયેલા પદ્મશ્રી ડો. પ્રવીણ દરજીના અધ્યક્ષસ્થાને અને અતિથિ વિશેષ જિલ્લા કલેકટર શ્રી આર.બી.બારડ અને જાણીતા સાહિત્યકાર મણિલાલ હ.પટેલ તથાવિદેશથી જોડાયેલા સાહિત્યકાર શ્રી બાબુ સુથારની ઉપસ્થિતિમાં યોજાયો. આ પ્રસંગે મહી સાહિત્ય સભાના મિલન સ્થાન લુણાવાડા ’લાલસિંહજી લાયબ્રેરી’ ખાતે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારી, અધિક નિવાસી કલેકટર અને સાહિત્યકાર શ્રી રમેશ ઠક્કર અને જાણીતા સાહિત્યકાર શ્રી કાનજીભાઈ પટેલ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ અને શિક્ષણ બોર્ડના સભ્ય શ્રી જે.પી.પટેલ, મહીસાગર જિલ્લા પુસ્તકાલય મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ પટેલ અને સંયોજક શ્રી નરેન્દ્ર જોશીની ઉપસ્થિતિમાં ઈ લોકાર્પણ કરવામાં આવ્યું. સંપાદકો, સર્જકો અને ચિત્રકારોના અમૂલ્ય યોગદાનથી આ ગ્રંથ શબ્દ વૈભવનો મહીસાગર બનાવવા બદલ સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. વર્ચ્યુયલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ દૂરદૂરથી જોડાયા હતા.

# ખેરગામ તાલુકાના વાડ સરસીયા ફળીયાની મુલાકાત લેતી કેન્દ્રની ટીમ








કમલમ દૈનિક, નવસારી

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના વાડ સરસીયા ફળીયામાં વાસ્મો દ્વારા કરવામાં આવેલ કામગીરીની મુલાકાત કેન્દ્ર સરકારની ટીમે મુલાકાત લીધી હતી.આ પ્રસંગે યુનિટ મેનેજર અને કાર્યપાલક ઈજનરે શ્રી એન.એસ.પટેલીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ૧૫ ઓગષ્ટ-૨૦૧૯ થી જળ જીવન મિશન યોજનાને અમલી બનાવી છે.વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરઆંગણે પીવાનું પાણી શુધ્ધ મળી રહે તે માટેનું આયોજન કેન્દ્ર સરકારે કર્યુ છે. ગુજરાતમાં સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં સંપૂર્ણ ગુજરાતમાં નલ સે જલ યોજનાને સાકાર કરવા આગળ વધી રહી છે.

આ અવસરે તેમણે કહયું હતું કે, રૂ.૮૬ લાખના ખર્ચે વાડ ગામની યોજનાને મંજુર કરવામાં આવી છે. જેનાથી ૧૬૯૦ ઘરોને પીવાનું શુધ્ધ પાણી ઘર બેઠા મળશે. આ યોજના સાકાર થયા બાદ તેનું વ્યવસ્થાપન પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. આ અવસરે કેન્દ્રિય ટીમના સભ્યોએ વાડ ગામના લોકોના મંતવ્યો મેળવ્યા હતા તેમજ વાસ્મો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની વિગતો મેળવી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રની ટીમના શ્રી જીતેન્દ્રભાઇ પટેલ, શ્રી મેહુલભાઇ, શ્રી નવીનભાઇ , શ્રી કાથાભાઇ, વાસ્મોના સંયોજકશ્રી પ્રતિકભાઇ પટેલ, સરપંચશ્રી ચંદ્રકાન્તભાઇ, અગ્રણી શ્રી કરશનભાઇ સહિતના પદાધિકારીશ્રીઓ, પાણી સમિતિના સભ્યશ્રીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતા.

# કોરોના વાયરસ કોવીડ-૧૯ ભુજ શહેર- તાલુકાના ૧૦ વિસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા

કમલમ દૈનિક, ભુજ,

જિલ્લામાં નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ મહામારીના વધતા કેસ વચ્ચે સરકારની માર્ગદર્શિકા અનુસાર ભુજ શહેરમાં ગણેશનગરમાં પાણીના ટાંકા પાસે આવેલ મંજુલાબેન રામગર ગોસ્વામીનું ઘર કુલ-૧ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ શહેરમાં અરિહંતનગરમાં આવેલ પ્લોટ નં.૪ (નિલદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા)નું ઘર કુલ-૧ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ શહેરમાં ભાનુશાળીનગરમાં આવેલ ઘર નં.૧૩/બી, યોગેશ્વર કૃપા (પરેશભાઇ ગણાત્રા) નું ઘર કુલ-૧ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ શહેરમાં પ્રમુખસ્વામીનગરમાં ઓધવ સૃષ્ટિમાં આવેલ ગોદાવરીબેન પ્રવિણચંદ્ર મહેતાના ઘર સહિત ઘર નં.૬૫ થી ઘર નં.૬૭ સુધી કુલ-૩ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ શહેરમાં વાણીયાવાડમાં ગોવાર શેરીમાં આવેલ નિર્મળાબેન રમણિકલાલ શાહનું ઘર કુલ-૧ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ શહેરમાં બેક્કર્સ કોલોનીમાં ભકિતધામ એપાર્ટમેન્ટની સામે આવેલ ગોદાવરીબેન વિસનજી ઠકકરનું ઘર તથા બાજુમાં આવેલ હીરાલાલ પ્રધાનભાઇ સોનીનું ઘર કુલ-૨ ઘરને તા.૧૪/૧૨ સુધી, ભુજ શહેરમાં સનસીટીમાં આવેલ ડો.કીર્તિકુમાર એસ.સીજુનું ઘર સહિત ઘર નં.૩૩ (બંધ ઘર) થી ઘર નં.૩૬/એ “માં ભવાની કૃપા સુધી કુલ-૪ ઘર અને ૧ બંધ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ શહેરમાં નિર્મળસિંહની વાડીમાં આવેલ ઘર નં.૪૨/એ (ચંપકલાલ મગનલાલ સોની) નું ઘર તથા બાજુમાં આવેલ ઘર નં.૪૨/એ-૧ કુલ-૨ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ તાલુકાના દહીંસરા ગામે માંડવી રોડ પર આવેલ કેતન અરજણ લીંબાણીનું ઘર કુલ-૧ ઘરને તા.૧૬/૧૨ સુધી, ભુજ તાલુકાના કુકમા ગામે ૩૦૭ પઘર દેવકી શેરી, પાઘેડું (કુકમા) માં ભુપેન્દ્રસિંહ મહોબ્બતસિંહ સોઢાના ઘર સહિત જમણી બાજુ દામા શિવા પટેલના ઘરથી ડાબી બાજુ રાજેશ મોહનલાલના ઘર સુધી કુલ-૨૩ ઘરોને તા.૧૬/૧૨ સુધી માઇક્રો કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારમાં સરકારી ફરજ ઉપર સિવાયની તમામ પ્રકારની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિ. જીવન જરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર દ્વારા હોમડીલીવરીથી તેમના ઘરે પુરી પાડવામાં આવશે. આ જાહેરનામાનો ભંગ કરનાર પર ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ કલમ ૫૧ થી ૫૮ તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ની જોગવાઇ મુજબ શિક્ષાપાત્ર ઠરશે તેવું ભુજ-કચ્છ મદદનીશ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી મનીષ ગુરવાની દ્વારા ફરમાવેલ છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારા વિશ્વ જમીન દિવસ ની ઊજવણી કરવામાં આવી




કમલમ દૈનિક,

મોરબી ૫ ડીસેમ્બરને વિશ્વ જમીન દિવસ તરીકે ઊજવવામાં આવે છે. મોરબીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લામાંથી ઉપસ્થિત ખેડુતો સાથે દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉપસ્થિત ખેડુતોને જમીન ચકાસણી બાદ જમીનમાં ખુટતા પોષક તત્વો જમીનમાં નાખવા સેન્દ્રીય ખાતર નો ઉપયોગ કરવા તેમજ જમીનનું પૃથ્થકકરણ કઈ રીતે કરવું અને ખેતરમાથી જમીનનો નમુનો કેવી રીતે લેવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિક ડો. હેમાંગીબહેન ડી. મહેતા, સીનીયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ ડો.એલ.એલ.જીવાણી, વૈજ્ઞાનિક શ્રી ડી.એ.સરડવા, જીલ્લા ખેતીવાડી અધિકારી ચૌહાણ, મદદનિશ ખેતી અધિકારી એન. જી. રામોલીયા, આત્મા માંથી શ્રી ડી. સી. ઝાલરીયા ઉપસ્થીત રહ્યા હતા તેમ સીનીયર સાયન્ટીસ્ટ અને હેડ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જુનાગઢ કૃષિ યુનિવર્સિટી મોરબીની યાદીમાં જણાવાયું છે.

# ખંભાત ખાતે વિશ્વ દિવ્યાંગ દિનની કરવામાં આવેલ ઉજવણી




## દિવ્યાંગ લાભાર્થીઓને બસ પાસ, યુ.ડી.આઇ. કાર્ડ સ્થળ ઉપર આપવામાં આવ્યા

કમલમ દૈનિક, આણંદ

પ્રતિ વર્ષ તા.૩જી ડિસેમ્બભરના રોજ વિશ્વ દિવ્યાંરગ દિન તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લાી સમાજ સુરક્ષા અધિકારી શ્રી એસ. એમ. વ્હોરાના માર્ગદર્શન હેઠળ ખંભાત તાલુકાના દિવ્યાંાગ લાભાર્થીઓ માટે જિલ્લાી સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને જનહિત ચેરીટેબલ ટ્રસ્ટીના સંયુકત ઉપક્રમે ખંભાત ખાતેની યુવી મંદબુધ્ધિર સેન્ટ્ર ખાતે ઉજવવામાં આવ્યોચ હતો. વિશ્વ દિવ્યાંનગ દિનની ઉજવણીના ભાગરૂપે ખંભાત તાલુકાના દિવ્યાંનગ લાભાર્થીઓને સ્થ ળ ઉપર જ બાસ પાસ, યુ.ડી.આઇ.ડી. કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુંો હતું. આ કાર્યક્રમમાં ખંભાત મામલતદાર કચેરી દ્વારા દિવ્યાંાગ મતદાર જાગૃતિ ઉપરાંત વિવિધ દિવ્યાં ગ કલ્યાણકારી યોજનાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન દિવ્યાંઓગ લાભાર્થીઓને અનાથ, નિરાધાર તથા એકવાલીવાળા બાળકો માટેની વિવિધ યોજનાઓ તેમજ જિલ્લાં બાળસુરક્ષા એકમની પાલક માતા-પિતા યોજના અને કેન્દ્રક-રાજય સરકાર પુરસ્કૃાત સ્પોલન્સારશીપ યોજના તથા ફોસ્ટમરકે અને એડોપ્શકન વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમની ઉજવણી રાજય સરકારની ગાઇડલાઇન મુજબ સોશિયલ ડિસ્ટરનસીંગ અને લાભાર્થીઓએ ફરજિયાત માસ્કી પહેરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે ખંભાત મામલતદાર કચેરીના શ્રી અતુલભાઇ ગજજર, જનહિત ચેરીટેબલ ટ્રસ્ટનના પ્રમુખ શ્રી મુકેશભાઇ રાઠોડ અને કર્મચારીઓ, જિલ્લાજ બાળ સુરક્ષા એકમ, આણંદના સુરક્ષા અધિકારી શ્રી જિમી ઠાકર, કાઉન્સેઅલર શ્રી રાજેશભાઇ વાળંદ, સોશ્યાલ વર્કર રોબર્ટ ક્રિશ્ચિયન તેમજ ખંભાત અને તારપુર તાલુકાના મર્યાદિત સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિંત રહ્યા હતા. અંતમાં આ યોજનાઓ અંગેની વધુ જાણકારી મેળવવી હોય તો જિલ્લાહ સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષા કચેરી, આણંદનો અથવા તો ફોન નંબર ૦૨૬૯૨-૨૫૩૨૧૦/૨૫૦૯૧૦ ઉપર સંપર્ક કરવા આણંદના જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી પાર્થ ઠકકરે વધુમાં જણાવ્યું હતું.

# ખાનપુર તાલુકામાં ખેડુતો સાથે કિસાન ગોષ્ઠી યોજાય

કમલમ દૈનિક, લુણાવાડા,

આત્મા પ્રોજેકટ જી.મહીસાગર અંતર્ગત ખેડુતો સાથે કિસાન ગોષ્ઠીનું આયોજનખાનપુર તાલુકામાં એ.પી.એમ.સી - લીંબડીયા ખાતે કરવામાં આવેલ. જેમાં જીલ્લા ખેતીવાડી અધિકારી મહીસાગર શ્રી એસ.જે.પટેલ, કૃષિ વિજ્ઞાન કેંદ્ર- વેજલપુર, ડૉ. શકિત ખજુરીયા, મકાઇ સંશોધન કેંદ્ર શ્રી એચ.એસ.વર્મા, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેકટર, આત્મા પ્રોજેકટ, મહીસાગર શ્રી જયવંતસિંહ સોલંકી તેમજ આત્મા સ્ટાફની સાથે સોશ્યલ ડીસ્ટન્સ સાથેખેડુત ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા. કિશાનગોષ્ઠીમાં જીલ્લા ખેતીવાડી અધિકારી શ્રી એસ.જે.પટેલ ખેતીવાડીની વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. મકાઇ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી શ્રી એચ.એસ.વર્મા મકાઈની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિનું માર્ગદર્શન આપ્યું. જેમાં સ્વિટકોર્ન, બેબી કોર્ન, પોપકોર્ન અને દાણા માટેની મકાઈની વિગતવાર માહિતી ખેડુતોને આપી. તેમજ કૃષિ વિજ્ઞાન કેંદ્ર- વેજલપુર, શ્રી શકિત ખજુરીયા અળસીયાના ખાતરના ફાયદા ગેરફાયદા વિશે વિગતવાર માહિતી આપી. ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા મહીસાગર શ્રી જયવંતસિંહ એચ. સોલંકી ધ્વારા આત્માની વિવિધ પ્રવૃતિઓ વિશે તેમજ આત્મા પ્રોજેક્ટમાં જોડાવા માટે એફ.આઇ.જી ગૃપની સમજ આપેલ. આ કાર્યક્રમમાં કોવિડ -૧૯ અંતર્ગત તમામ ઉપસ્થિતોને માસ્ક સાથે પ્રવેશ તેમજ હેંડ સેનીટાઇજર, સોશિયલ ડિસ્ટંસ સાથેની બેઠક વ્યવસ્થાનું સુચારું આયોજન કરવામાં આવ્યું હતું.

# શ્રી એન. એચ. શાહ (સાઠંબાવાળા) હાઈસ્કૂલ બાયડ ખાતે નવા પ્રાર્થનાખંડ માટે ખાતમુહૂર્ત કરાયું.




કમલમ દૈનિક, અરવલ્લી

શ્રી એન એચ શાહ હાઈસ્કૂલ સ્કુલ બાયડ ખાતે નવનિર્મિત થનાર સ્વ વનીતાબેન જગદીશચંદ્ર શાહ પ્રાર્થના ખંડ માટે યજ્ઞ અને ખાતમુહૂર્ત ની વિધિ તારીખ ૩ ૧૨ ૨૦૨૦ અને ૪ ૧૨ ૨૦૨૦ ને ગુરૂવાર અને શુક્રવારે મુખ્ય દાતા ના પ્રતિનિધિ તરીકે અશોકભાઈ શાહ ના હસ્તે યોજાઈ ગઈ તેમાં મંડળના અધ્યક્ષ હોદેદારો કારોબારી સભ્યો અને શાળા પરિવાર ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા

# આદિવાસી ક્ષેત્રમાં જળક્રાંતિથી વિકાસની સમૃદ્ધિના નવા દ્વાર ખુલશે :- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારે આદિજાતિ ક્ષેત્રના સર્વતોમુખી વિકાસ માટે રૂા.૩૭૦૦ કરોડના ખર્ચે ૧૦ જેટલી સિંચાઈ યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓ આદિવાસી ક્ષેત્રમાં વિકાસના સમૃદ્ધિના દ્વાર ખોલશે અને વનબંધુ વિસ્તારોમાં જળક્રાંતિથી વિકાસનો નવો યુગ શરૂ થશે.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રુપાણીએ રૂા .૭૧૧ કરોડના ખર્ચે તૈયાર થનારી તાપી-



## રાજ્યમાં આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે રૂા.૩૭૦૦ કરોડના ખર્ચે ૧૦ જેટલી સિંચાઈ યોજનાઓ અમલી બનાવી છે.

કરજણ લીંક પાઈપલાઈન સિંચાઈ યોજનાનું સૂરત જિલ્લામાં ઉમરપાડા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ખાતમુહૂર્ત કરતા આદિવાસી વિસ્તારના વિકાસની નવી તકો સાથે નંદનવન બનશે, તેવી પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.





તેમણે રૂા.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર સૈનિક સ્કુલનું પણ ઈ-ભુમિપુજન કર્યું હતું. આ સિંચાઈ યોજના દ્વારા ઉમરપાડા-ડેડીયાપાડા તાલુકાના ૭૩ ગામોની ૫૩૭૦૦ એકર જમીનને સિંચાઈની સવલત મળશે. ૫૩ માળ જેટલી ઉંચાઈ સુધી પાણી લઈ જઈને આ ઉદવહન સિંચાઈ યોજના ઈનજરી કૌશલ્યથી સાકાર થવાની છે. ઉમરપાડા-ડેડીયાપાડા તાલુકાના વિકાસ માટે સરકારના નિર્ણયની પ્રતિબદ્ધતા વ્યકત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જગતનો તાત ખરા અર્થમાં તાત બની, સમૃદ્ધિ તરફ પ્રયાણ કરે તેવો રાજ્ય સરકારનો આશય છે. પાણી એ વિકાસની પ્રાથિમકતા છે. ગુજરાત પાણીદાર બને એ માટે સુજલામ સુફલામ, સૌની યોજના સહિત અનેક યોજનાઓ વડે જગતના તાતના ખેતર સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે.આદિવાસી સમાજનો ઈતિહાસ બલિદાન અને સમર્પણનો રહયો છે. દેશની આઝાદી માટે તેમના બલિદાનોને સરકાર કયારેય ભુલશે નહી. આદિવાસીઓ ખડતલ અને મહેનતું છે. આદિવાસી ક્ષેત્રના યુવાનોમાં સમર્પણ અને દેશભાવના કેળવાય તેવા આશય સાથે ઉમરપાડા તાલુકામાં અત્યાધુનિક સુવિધા સાથે દક્ષિણ ગુજરાતની પ્રથમ સૈનિક સ્કુલ બનશે. સૈનિક સ્કુલના વિદ્યાર્થીઓ નેશનલ ડીફેન્સ એકેડમીમાં જોડાય અને ગુજરાત રેજીમેન્ટ બને તેવી મનસા તેમણે વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિદ્યાર્થીઓને આધુનિક સુવિધા સાથે ઉચ્ચત્તમ શિક્ષણ આપી. ગુજરાત એજયુકેશન ઈન્ડસ્ટ્રીઝનું હબ બને તેવા પ્રયાસો કરશે તેવો નિર્ધાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સમાજ-રાજ્ય-રાષ્ટ્રના નિર્માણમાં અનેક પડકારો ઝીલી યુવાનોને કૌશલ્યબદ્ધ સક્ષમ બનાવવા છે. ગુજરાતમાં વિશ્વ સ્તરની યુનિવર્સીટીઓ બની છે. ગુજરાતમાં પહેલા ૧૦ યુનિવર્સિટીઓ હતી, હવે ૭૦થી યુનિર્વિસટીઓ છે. છેલ્લા બે દાયકાથી પ્રજાના નાણાં પ્રજાહિત માટે વપરાય, લોકહિતાર્થે કામો થાય, ભારતમાતા પરમવૈભવનું શિખર પ્રાપ્ત કરે એ દિશામાં સરકારે સુદઢ શાસન વ્યવસ્થા પ્રસ્થાપિત કરી છે. આધુનિક ટેકનોલોજી અને ટ્રાન્સપરન્સી સાથે લાભાર્થીઓને મળતા લાભ સીધા તેમના બેંક ખાતામાં જમા થાય છે. કોરોનાની સારવાર માટે રૂા. ત્રણ હજાર કરોડ, વરસાદથી થયેલા નુકશાનમાં રૂા. ૩૭૦૦ કરોડનું પેકેજ ખેડૂતોને આપ્યું છે. આ ઉપરાંત સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના હેઠળ કરોડો રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જમા થયા છે. દઢ સંકલ્પ અને પારદર્શિતા સાથે રાજ્ય સરકાર કાર્ય કરી રહી હોવાનું પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું. કોરોનાકાળમાંરાજયનીવિકાસયાત્રા અટકી નથી તેની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, લોકહિતના કાર્યોને સરકારે કયારેય અટકવા દીધા નથી. છેલ્લા ચાર માસમાં રૂા.૧૭ હજાર કરોડના વિકાસકાર્યો અવિરત રહયા છે. કોરોના સંક્રમણને રોકવા સરકારે કરેલા પ્રયાસોની ICMR એ પ્રશંસા કરી છે તેમ તેમણે ઉમેર્યુ હતુ. વન, આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું કે, તાપી મૈયાના પવિત્ર નીરથી ઉમરપાડાઅનેડેડીયાપાડા તાલુકાના હજારો ખેડૂતોની જમીન ઉપજાઉ બનશે, ખેતરોમાં અનેકવિધો પાકો થકી સમૃદ્ધિની છોળો ઉડશે એમ જણાવી કાકરાપાર ગોડધા વડ ઉદવહન સિંચાઈ યોજના પણ પૂર્ણતાના આરે હોવાનું ઉમેર્યું હતું. ખેતી જેવી મહત્વની પાયાના વ્યવસાય માટે પૂરતી સિંચાઈ હોવી એ અનિવાર્ય જરૂરિયાત હોવાનું જણાવતાં શ્રી વસાવાએ કહયું કે, ઉદવહન સિંચાઈ યોજનાઓ મારફતે ગામે ગામ સિંચાઈની જલસુવિધા ઉભી થવાથી ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખુલશે. ખેડૂતો, ગરીબો, શ્રમિકો, મહિલાઓ, બાળકો અને યુવાનોને વિકાસની દિશામાં દોરી જવાના પ્રયાસોને ઉમરપાડા અને ડેડીયાપાડાના આદિજાતિ ખેડૂતોએ સહર્ષ વધાવી લીધી છે, ત્યારે માત્ર સિંચાઈ જ નહીં પરંતુ આદિવાસી બાળકોને શિક્ષણ સાથે લશ્કરી તાલીમ આપી સંરક્ષણ ક્ષેત્રમાં ઉજ્જ્વળ ભવિષ્ય માટેની કેડી કંડારવામાં નિમિત્ત બનવાનો આનંદ છે એમ જણાવી મંત્રીશ્રીએ માંગરોળ વિધાનસભા વિસ્તારમાં થયેલા વિકાસકામોની હારમાળા વિશે વિગતવાર જાણકારી આપી હતી. સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હંમેશા આદિજાતિ નાગરિકો અને ખેડુતો માટે સકારાત્મક રહી છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ ઉમરપાડા, માંગરોળ, માંડવી તાલુકામાં ઉમદા કાર્યો સાકાર થયા છે. આદિવાસી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ સુવિધા મળવાથી વર્ષમાં અનેકવિધ પાકો, શાકભાજી, ફળફળાદિનું ઉત્પાદન શક્ય બનશે. પરિણામે ખેડુતોના સર્વાંગી વિકાસનો માર્ગ પ્રશસ્ત થશે એમ શ્રી વસાવાએ ઉમેર્યુ હતું. સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ પ્રાસંગીક ઉદ્દબોધન કરતાં જણાવ્યું હતું કે,રાજ્ય સરકારે દુર્ગમ વિસ્તારોમાં પણ સિંચાઈ સુવિધા પૂરી પાડવાનું બીડું ઝડપ્યું છે. ઉમરપાડા અને ડેડીયાપાડા તાલુકાના ગામો ઊંચાઈમાં હોવાથી બમણો વરસાદ થવાં છતાં પણ શિયાળુ અને ઉનાળુ પાકો લેવા માટે પાણી વિના ખેડૂતો તરસતાં હતા. ઉચ્ચ ઈજનેરી કૌશલ્ય વડે પાણીને લિફ્ટ કરી આ વિસ્તારોની વર્ષો જૂની સિંચાઈની સમસ્યા ઉકેલાશે. આ ભગીરથ કાર્ય બદલ તેમણે રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે સરકારની કોવિડ ૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરાયું હતું. કાર્યક્રમ સ્થળે પૂરતી માત્રામાં માસ્ક, સેનિટાઈઝર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રિતીબેન પટેલ, ઉમરપાડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ દરિયાબેન વસાવા, માંગરોળ તાલુકા પંચાયત પ્રમુખશ્રી જગદીશ ગામીત, સુમુલ ડેરીના ચેરમેનશ્રી માનસિંગભાઈ પટેલ,ઉપપ્રમુખ રાજુભાઈ પાઠક, આદિજાતિ વિકાસ વિભાગના સચિવશ્રી અનુપમ આનંદ, જળસંપતિ વિભાગના સચિવ એમ.કે.જાદવ, જિલ્લા કલેકટરશ્રી ડો. ધવલ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.કોયા, ધારાસભ્યશ્રીઓ, સિંચાઈ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ, ખેડૂતો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તાર ઉમરપાડા ખાતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂા.૭૧૧ કરોડના ખર્ચે તૈયાર થનારી તાપી-કરજણ લીક પાઈપલાઈન સિંચાઈ યોજના અને રૂા.૫૦ કરોડના ખર્ચે સૈનિક સ્કુલનું ખાતમુહૂર્ત



ઉમરપાડા-ડેડીયાપાડા તાલુકો વિકાસની નવી તકો સાથે નંદનવન બનશે.



સૈનિક સ્કુલ આદિજાતિ યુવાનોમાં દેશદાઝની ભાવના કેળવવા આશીર્વાદરૂપ બનશે

## મેઘરજના નવા પાણીબાર ગામે થયો હુમલો

### વીજ ચોરી ઝડપવા ગયેલ ટીમ પર હુમલો કરી પથ્થરમારો કરતા વીજ કર્મીઓ જીવ બચાવી નાઠા



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વીજચોરી થતી હોવાની અનેક બૂમો ઉઠી રહી છે વીજ ચોરીને અટકાવવા વીજ અધિકારીઓ અને કર્મચારીઓ દોડાદોડી કરતા હોય છે ત્યારે મેઘરજના નવા પાણીબાર ગામે નાયબ ઈજનેર અને સ્ટાફે વિજ ચેકીંગ હાથ ધરતા એક મકાનમાં વીજ થાંભલા પરથી સીધું કનેક્શન લઈ વીજ ચોરી થતી હોવાની ઝડપી પાડતા મકાન માલિકે કિકિયારીઓ કરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને પથ્થરો વડે હુમલો કરતા વીજકર્મીઓ જીવ બચાવી ભાગ્યા હતા ટોળાએ પીછો કરી વાહનો પર પથ્થર ઝીંકતા સરકારી ગાડીઓના કાચ તૂટી ગયા હતા વીજટીમ પર હુમલાની ઘટના બનતા ભારે ચકચાર મચી હતી યુજીવીસીએલના નાયબ ઈજનેરે ઈસરી પોલીસ સ્ટેશનમાં વીજ ટીમ પર હુમલો કરનાર સામે ફરિયાદ નોંધવા અરજી આપી હતી .મેઘરજ યુજીવીસીએલ કચેરીના નાયબ ઈજનેર હરીશ ક્લાસવા તેમની ટીમ સાથે વીજચોરી ઝડપી પાડવા ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ હાથધરી હતી શનિવારે સાંજે નવા પાણીબાર ગામમાં રહેતા પ્રકાશ મકનાભાઈ ગામેતીના ઘરે ગેરકાયદેસર રીતે વીજથાંભલા પરથી વાયર જોડી ચોરી કરવામાં આવતી હોવાનું ઝડપી પાડતા પ્રકાશ ગામેતીએ કિકિયારીઓ કરી મુકતા ગામ લોકો દોડી આવ્યા હતા અને વીજટીમ સાથે માથાકૂટ કરતા હુમલો થાય તે પહેલા સમય સુચકતા વાપરી વીજ કર્મીઓ સરકારી જીપમાં બેસી ગયા હતા અને સરકારી જીપ હંકારતા પ્રકાશ ગામેતી તથા જયદીપ ડામોર સરકારી જીપ આગળ પથ્થરો લઈ ધસી આવ્યા હતા અને જયદીપ ડામોરે વીજટીમને તેના પપ્પા ખેડબ્રહ્મા જીઈબી માં નોકરી કરતા હોવાનું જણાવી માથાકૂટ કરતા માંડ માંડ સરકારી જીપ સાથે નીકળવાનો પ્રયત્ન કરતા બંને શખ્સોએ જીપ પર પથ્થરમારો કરતા સરકારી જીપના કાચ તૂટી ગયા હતા વીજ કર્મીઓ જીવ બચાવવામાં સફળ રહ્યા હતા વીજટીમ પર હુમલો થતા નાયબ ઈજનેર હરીશ ક્લાસવાએ વીજ ટીમ પર હુમલો કરનાર શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ઈસરી પોલીસ સ્ટેશનમાં અરજી આપતા ઈસરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખની ઉપસ્થિતિમાં બાયડ ખાતે પેજ સમિતી બનાવવા શક્તિકેન્દ્ર પ્રમુખ અને શક્તિકેન્દ્ર પ્રભારીની બેઠક યોજાઈ





કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લા ભાજપના બાયડ મંડલ માં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને અને બાયડ વિધાનસભા ઝોન પ્રભારી અને જિલ્લા મહામંત્રી શ્રી શૌલેષભાઈ ભોઈ, જિલ્લા ઉપપ્રમુખ શ્રી ભૂપતસિંહ સોલંકી, શ્રી કેસરીસિંહ ઝાલા, શ્રીમતિ ચંદ્રીકાબેન શાહ, જિલ્લા મંત્રી શ્રી મણીભાઈ પંચાલ, મંડલ પ્રમુખ શ્રી માનસિંહ સોઢા, મહામંત્રી શ્રી મણીભાઈ પટેલ, બાયડ વિધાનસભા આગેવાન શ્રી અદેસિંહ ચૌહાંણ ની સહ ઉપસ્થીતિમાં પેઝ સમીતિ બનાવવા અંગે શક્તિ કેન્દ્ર પ્રમુખ અને શક્તિકેન્દ્ર પ્રભારીની બેઠક યોજાઈ હતી. બેઠક અનુસંધાને શરૂવાત ભારત માતા ની પ્રતિકૃતિ આગળ દિપ પ્રાગટ્ય અને વંદેમાતરમ્ ગાન કરી જિલ્લા માં કોરોના થી સદગતિ પામેલ ભાજપાના હોદ્દેદારોના માન માં બે મીનિટ મૌન પાળવામાં આવ્યું ત્યાર બાદ જિલ્લા માં નવનિયુક્તી પામેલ હોદ્દેદારો નું સ્વાગત-સન્માન કરી અને બેઠક શરૂ કરવામાં આવી હતી આ બેઠક નો મુખ્ય હેતુ આવનાર ચૂંટણી માટે મતદાન ને સરળ બનાવવા પેઝ પ્રમુખો અને શક્તિકેન્દ્ર પ્રમુખ મળી અને પેઝ પ્રમુખો પોતાના પેઝ ની સમીતિ નિસ્ચીત સમય માં બનાવવા માટેની અને આ વિષય પર વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી આ પ્રસંગે બાયડ તાલુકા મંડલ ના તમામ શક્તિકેન્દ્ર પ્રભારી ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ૪૭૭૯૬ વેક્સીનેશન બુથ તૈયાર કરી દેવાયા : ૧૫૫૩૪ ટીમો તૈનાત

## ગુજરાતમાં કોરોના વેક્સિનેશન માટે વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ

### સરકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાના તમામ કોરોના વોરિયર્સને અગ્રીમતાના ધોરણે રસી અપાશે : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે વૈશ્વિક કોરોનાની મહામારી સંદર્ભે દેશ અને દુનિયાના લોકો ઝઝૂમી રહ્યા છે ત્યારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને કોરોના સામે સુરક્ષીત કરવા જે પ્રયાસો કરી રહ્યાં છે અને આગામી ટુંક સમયમાં કોરોનાની વેક્સીન ઉપલબ્ધ થનાર છે. આ રસી ગુજરાતના નાગરિકોને તબક્કાવાર પુરી પાડવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ રસીકરણ અંગે સુદ્રઢ વ્યવસ્થાઓ ગોઠવવા અંગેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

#### જે નાગરિકોને રસી આપવાની થશે તેમને એસ.એમ.એસ. દ્વારા આગોતરી જાણ કરાશે

આ માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા અન્ય તમામ વિભાગો સાથે સંકલન કરીને સંપૂર્ણ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યુ કે, રાજ્યના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકા અને કોર્પોરેશન કક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. એટલું જ નહીં, આ ટાસ્ક ફોર્સે જરૂરી આયોજન પણ કરી લીધું છે. ગુજરાતમાં વેક્સિનના સ્ટોરેજ માટે ઝોન કક્ષાએ ૬ વેક્સિન સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ ૪૧ સ્ટોર

#### આજ દિન સુધીમાં ૩.૯૬ લાખ હેલ્થ વર્કરોની માહિતી એકત્ર કરાઈ : ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા વ્યક્તિઓની માહિતી તૈયાર કરવા સૂચના

અને છેક અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચવા ૨,૧૮૯ કોલ્ડ ચેઈન પોઈન્ટ આજની પરિસ્થિતિએ ઉપલબ્ધ રાખવમાં આવ્યા છે તમામ સ્ટોર ખાતેના સાધનોનું ટેકનિકલ ઓડિટ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. બે વધારાના વોક-ઈન કુલર, એક વોન ઈન ફ્રી અને ૧૬૯ આઈસલાઈન્ડ રેફ્રીજરેટર પૈકી ૧૫૦ જેટલા આઈસલાઈન્ડ રેફ્રીજરેટર મળી ગયા છે. ૩૦ ડીપ ફ્રીઝ કેન્દ્ર સરકારમાંથી પ્રાપ્ત થશે. તેમણે ઉમેર્યુ કે, ભારત સરકારની ગાઈડલાઈન મુજબ ગુજરાતે વેક્સિનેશન માટેનું આયોજન શરૂ કરી દીધુ છે. પ્રથમ તબક્કામાં હેલ્થકેર વર્કર્સની માહિતી તૈયાર કરવામાં આવી રહી છે. આજ સુધીમાં રાજ્ય સરકારના ૨.૭૧ લાખ આરોગ્યકર્મીઓ અને ૧.૨૫ લાખ ખાનગી આરોગ્ય કર્મીઓ મળીને કુલ ૩.૯૬ લાખ હેલ્થકેર વર્કસની માહિતી એકત્ર કરવામાં આવી છે. બીજા તબક્કામાં ફ્રન્ટલાઈન વર્કર જેવા કે હોમગાર્ડ્સ, પોલીસ, સફાઈકર્મી વિગેરેને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની સૂચના મુજબ બીજા વિભાગના ફ્રન્ટ લાઈન વર્કરોની માહિતી તૈયાર કરવા કમિટિની રચના કરવા

#### વેક્સિનના સ્ટોરેજ માટે ૬ ઝોન કક્ષાએ, ૪૧ જિલ્લા/કોર્પોરેશન કક્ષાએ વેક્સિન સ્ટોર તથા ૨૧૮૯ કોલ્ડચેઈન પોઈન્ટ ઉપલબ્ધ : કોલ્ડચેઈન પોઈન્ટનું ટેકનિકલ ઓડિટ પણ સંપન્ન

જણાવાયું છે. ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા સીનીયર સીટીઝનની માહિતી પણ તૈયાર કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. કોવિડ વેક્સિન અને લાભાર્થીના ચેકીંગ માટે ભારત સરકાર દ્વારા cowin software બનાવવામાં આવ્યું છે. જિલ્લા અને કોર્પોરેશન દ્વારા પણ આ સોફ્ટવેરમાં રસીકરણના સ્થળ અને વેક્સિનેટરની માહિતીની એન્ટ્રી શરૂ કરી દેવામાં આવી છે. તેમણે

#### બીજા તબક્કામાં કોરોનાની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓને આવરી લેવાશે

ઉમેર્યુ કે, આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની સારવાર આપવામાં અગ્રેસર સરકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાના ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સને અગ્રીમતાના ધોરણે રસી આપવાનું નક્કી કરાયું છે અને તેના અમલીકરણ માટે ડેટાબેઝ તૈયાર કરવાની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. સાથે સાથે ખાનગી હોસ્પિટલો, કોર્પોરેટ હોસ્પિટલ, આયુષ દવાખાના અને હોસ્પિટલ, ડેન્ટીસ્ટ, એલોપેથી/આયુષ, જનરલ પ્રેક્ટિસનર્સ, તમામની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. સાથે સાથે રાજ્યની ૧૦૮ એમબ્યુલન્સ સેવા, આંગણવાડી સ્ટાફને પણ આવરી લેવામાં આવનાર છે.નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રસીકરણની કામગીરી માટે રાજ્યમાં ૪૭૭૯૬ વેકસીનેશન સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. આ માટે ૧૫૫૩૪ ટીમો પણ તૈનાત કરવામાં આવશે. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ રસી આપવા માટે તમામ આરોગ્ય કર્મીઓને જરૂરીયાત મુજબ તાલીમબધ્ધ કરાશે. જે નાગરિકોને રસી આપવાની થશે તેમને અગાઉથી એસ.એમ.એસ. દ્વારા જાણ કરી સ્થળ-સમય-તારીખની રાજ્ય સરકાર દ્વારા સામેથી જાણ કરાશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રસીકરણના મોનીટરીંગ માટે રાજ્યકક્ષાએ મીશન

#### રાજ્યમાં તાલુકા કક્ષા સુધી ટાસ્કફોર્સની રચના

ડાયરેકટર એન.એચ.એમ. ને નોડલ ઓફિસર તરીકે નીમી દેવાયા છે. જ્યારે જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ કલેકટરશ્રી અને મ્યુનિસિપલ કમિશનરશ્રી નોડલ અધિકારી તરીકે નિયુક્તી કરવામાં આવી છે. રાજ્ય કક્ષાએ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષે કાર્યક્રમની પ્રગતિનો રીવ્યુ કરાશે તથા આરોગ્ય સચિવશ્રીના અધ્યક્ષમાં સ્ટેટ ટાસ્ક ફોર્સની રચના કરી દેવાઈ છે. આ કમિટિ રસીકરણ અંગે સતત મોનીટરીંગ કરશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028